# રાજકોટ મહાનગરપાલિકા

RAJKOT MUNICIPAL CORPORATION

મહેકમ શાખા (રૂમ નં.૧, બીજો માળ), ડૉ. આંબેડકર ભવન,
ઢેબરભાઇ રોડ, રાજકોટ. પીન કોડ – ૩૬૦૦૦૧
ફોન: ૦૨૮૧-૨૨૨૧૬૦૭



સ્વચ્છ સર્વેક્ષણ 2024 #Mera Shahar, Meri Pehchan
મારું રાજકોટ સ્વચ્છ રાજકોટ


રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૨૩/૦૬/૨૦૨૪ ના રોજ જુદા જુદા કુલ-૦૮ સંવર્ગોની લેખિત પરીક્ષા લેવામાં આવેલ હતી. જે તમામ સંવર્ગોના ડોક્યુમેન્ટ વેરીફીકેશનનું નીચેની વિગતે આયોજન કરવામાં આવેલ છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | ડોક્યુમેન્ટ વેરીફીકેશનની તારીખ | ડોક્યુમેન્ટ વેરીફીકેશન સમય | ડોક્યુમેન્ટ વેરીફીકેશન સ્થળ |
|---|---|---|---|---|---|
| ૦૧ | સીસ્ટમ એનાલીસ્ટ | ૦૨ | ૧૩/૦૯/૨૦૨૪ | સવારે ૯:૩૦ કલાકે | રાજકોટ મહાનગરપાલિકા, મહેકમ શાખા, સેન્ટલ ઝોન, બીજો માળ, રૂમ નં.૧, ઢેબર રોડ, રાજકોટ |
| ૦૨ | ડેપ્યુટી ચીફ એકાઉન્ટન્ટ | ૦૧ | ૧૩/૦૯/૨૦૨૪ | સવારે ૯:૩૦ કલાકે | |
| ૦૩ | આસીસ્ટન્ટ એકાઉન્ટન્ટ | ૦૩ | ૧૩/૦૯/૨૦૨૪ | સવારે ૯:૩૦ કલાકે | |
| ૦૪ | ગાર્ડન સુપરવાઈઝર | ૦૨ | ૧૩/૦૯/૨૦૨૪ | બપોરે ૦૩:૩૦ કલાકે | |
| ૦૫ | ગાર્ડન આસીસ્ટન્ટ | ૧૨ | ૧૩/૦૯/૨૦૨૪ | બપોરે ૦૩:૩૦ કલાકે | |
| ૦૬ | વેટરનરી ઓફિસર | ૦૧ | ૧૩/૦૯/૨૦૨૪ | સવારે ૦૯:૩૦ કલાકે | |
| ૦૭ | ટેકનીકલ આસીસ્ટન્ટ (લાઈબ્રેરી) | ૦૨ | ૧૭/૦૯/૨૦૨૪ | સવારે ૧૦:૩૦ કલાકે | |
| ૦૮ | આસીસ્ટન્ટ લાઈબ્રેરીયન | ૦૪ | ૧૭/૦૯/૨૦૨૪ | સવારે ૧૦:૩૦ કલાકે | |

નોંધ:- ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવેલ ઉમેદવારોને એસ.એમ.એસ. થી તેમજ ટેલીફોનીક જાણ કરેલ છે. તેમજ સદરહું ડોક્યુમેન્ટ વેરીફીકેશનના કોલલેટર રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

- **ઉમેદવારે રૂબરૂમાં રજુ કરવાના પ્રમાણપત્રો (અસલ+ સ્વપ્રમાણિત નકલ)**

1) ડોક્યુમેન્ટ વેરીફીકેશનનો કોલલેટર તેમજ તેની સાથે આપવામાં આવેલ ડોક્યુમેન્ટ વેરીફીકેશન ફોર્મ સંપુર્ણ ભરી, ફોટો ચોંટાડીને સાથે રાખવાનું રહેશે.
2) શૈક્ષણિક લાયકાત અંગેની માર્કશીટ (તમામ) તથા ડીગ્રી સર્ટીફીકેટ (જાહેરાતમાં દર્શાવ્યા મુજબના)
3) અનુભવનું માન્ય પ્રમાણપત્ર અને કામગીરી સોપ્યાના સક્ષમ અધિકારીની સહી અને સીક્કા વાળા આદેશો.(જાહેરાતમાં દર્શાવ્યા મુજબના)
4) ફોટાવાળું ઓળખપત્ર
5) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર/જન્મ તારીખ અંગેનું પ્રમાણપત્ર
6) જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા ઈસ્યુ કરેલ પ્રમાણપત્ર (લાગુ પડતુ હોય તો)

રાજકોટ મહાનગરપાલિકા મહેકમ શાખા

7) સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોના કિસ્સામાં અરજી કરવાની છેલ્લી તારીખે માન્ય હોય તેવું નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર

8) આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોના કિસ્સામાં અરજી કરવાની છેલ્લી તારીખે માન્ય હોય તેવું આર્થિક રીતે નબળા વર્ગોનું પ્રમાણપત્ર

9) માજી સૈનિક કેટેગરી ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં માજી સૈનિક હોવા અંગેના આધાર પુરાવા તથા ડીસ્ચાર્જ બુક

10) દિવ્યાંગ કેટેગરી ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં દીવ્યાંગ હોવા અંગેના આધારા પુરાવા રજુ કરવાના રહેશે.

11) વિધવા ઉમેદવારોના કિસ્સામાં વિધવા હોવા અંગેના પ્રમાણપત્રો તથા પુનઃ લગ્ન કરેલ નથી તે અંગેનું સંબંધિત મામલતદારશ્રીનું પ્રમાણપત્ર

12) રાજ્યસરકાર/કેન્દ્રસરકાર/સ્થાનિક સત્તામંડળ/સરકારની માલીકીના બોર્ડ-નિગમ-કોર્પોરેશનની નોકરીમાં ચાલુ હોય તેવા ઉમેદવારના કિસ્સામાં સક્ષમ સત્તાધિકારીનું " ના-વાંધા પ્રમાણપત્ર "

13) તાજેતરના પાસપોર્ટ સાઈઝના ૦૨ ફોટા

14) અન્ય જરૂરી આધાર-પુરાવાઓ

<u>અગત્યની સુચના</u>

1) ઉમેદવારે જાતે જ સ્વખર્ચે આવવાનું રહેશે. પ્રમાણપત્ર ચકાસણી માટે તારીખ/સમય આપવામાં આવેલ છે. તે જ તારીખ અને સમયે આવવાનું રહેશે.

2) ઉમેદવારે ઉપર દર્શાવ્યા મુજબના તમામ અસલ પ્રમાણપત્રો ફરજીયાત પણે સાથે લાવવાના રહેશે. તથા દરેક પ્રમાણપત્રોની નકલ સ્વ પ્રમાણિત કરીને લાવવાની રહેશે.

3) જો પ્રમાણપત્ર ચકાસણીની નિયત તારીખે-સમયે કોઈ ઉમેદવાર ગેરહાજર રહેશે તો સંબંધિત ઉમેદવારની ઉમેદવારી આપોઆપ રદ્દ થશે અને ત્યારપછી તે બાબતે કોઈ પણ દાવો અથવા વિવાદ ગ્રાહ્ય રાખવામાં આવશે નહી, જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

4) પ્રમાણપત્રોની ચકાસણી થયા બાદ રાજકોટ મહાનગરપાલિકાની સ્ક્રુટીની કમિટી દ્વારા જરૂર જણાયે તમામ/અમુક ઉમેદવારોના ઉપરોક્ત દર્શાવ્યા સિવાયના પ્રમાણપત્રો રજુ કરવા ફરમાવી શકશે. અને તેવા ઉમેદવારોએ સમય મર્યાદામાં પ્રમાણપત્રો ફરજીયાત રજુ કરવાના રહેશે.

5) જો કોઈ ઉમેદવારના અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરતા સમયે કે ત્યારબાદ મહાનગરપાલિકાની સ્ક્રુટીની કમિટીમાં કોઈ ઉમેદવાર જો જાહેરાતમાં દર્શાવ્યા મુજબની લાયકાત ધરાવતા ન હોવાનું નિયત પ્રમાણપત્રો ધરાવતા ન હોવાનું ફલીત થાય તો તેઓને ભરતી પ્રક્રીયા માટે ગેરલાયક ઠરાવવામાં આવશે. જેની તમામે નોંધ લેવી.

6) જાહેરાતમાં દર્શાવેલ તમામ લાયકાત, અનુભવ, તેમજ અન્ય પ્રમાણપત્રો જાહેરાત અન્વયે અરજી કરવાની છેલ્લી તારીખને ધ્યાને લઈ ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરવામાં આવશે. જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

<u>ખાસ નોંધ</u>:- ઉમેદવારો દ્વારા રજુ કરવામાં આવેલ કોઇપણ પ્રમાણપત્ર જો ચેડાયુક્ત, બનાવટી, જાલી, ગેરકાયદેસર અથવા ગેરરીતીપુર્વક મેળવેલ હોવાનું માલુમ જણાયે આવા ઉમેદવાર વિરૂધ્ધ ધારાધોરણ સરની કાર્યવાહી કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા
મહેકમ શાખા